| GJVD020136372020 | | પ્રાપ્તિ તારીખ | તા.૧૪/૦૮/૨૦૦૨ | |
|---|---|---|---|---|
| | સત્યમેવ જયતે | દાખલ તારીખ | તા.૧૪/૦૮/૨૦૦૨ | |
| | | ફેંસલ તારીખ | તા.૩૦/૦૬/૨૦૨૫ | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૧૬ | ૦૯ | ૧૨ |

ફોજદારી કેસ નંબર–૪૬૧૨/૨૦૦૨
(જુનો નંબર સ્પે.કેસ. નંબર–૨૯/૯૬)
આંક

**ફોર્મ–એ**

ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.એફ.એન.સોલંકીની કોર્ટમાં ગાંધીનગર.

મુકામ ગાંધીનગર

(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૪૩/૯૬/અડાલજ પોલીસ સ્ટેશન )

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી સી.પી.દવે |
| આરોપી | ૧)બળવંતસિંહ ઉર્ફે ભુરાભાઇ રઘુવર દયાલ રાજપુત લોધી<br>રહે. મોટેરા વસેરી બાબુભાઇ દેસાઇના મકાનમાં તા.જી. ગાંધીનગર,મૂળ ઝાંસી તા. ઝાંસી જી. ઝાંસી ઉતરપ્રદેશ.<br><br>૨) સદનગીરી ધન્વરગીરી ગોસ્વામી<br>રહે. ચાંદખેડા ગુ.હા. બોર્ડ પ્રેમસાગર ગીરીના મકાનમાં તા.જી. ગાંધીનગર, મૂળ રહે. ભીટકુરી તા.જી.બનારસ ઉતરપ્રદેશ,<br><br>૩) દુગેશે રાજુ મૌર્ય<br>રહે.ચાંદખેડા ગુ.હા.બોર્ડ કુલાશીકાકાના મકાનમાં તા.જી. |

| | |
|---|---|
| | ગાંધીનગર, મુળ રહે. રામપુર ખમુરાહી તા.જી. જોનપુર ઉતરપ્રદેશ<br>૪) પ્રવિણભાઇ ઉર્ફે પવલો ચંદુભાઇ પટેલ (મરણ)<br>રહે. ૩૫ વલ્લભપાર્ક<br>સોસાયટી 'ડી' કેબીન સાબરમી અમદાવાદ<br><br>૫) રસીકભાઇ હિરાદાસ સાધુ (મહારાજ) (મરણ)<br>રહે. જીનેશ્વર સોસાયટી નં.૨૯ 'ડી' કેબીન સાબરમતી અમદાવાદ મૂળ રહે. સમી તા.સમી જી. મહેસાણા.<br><br>૬) બનારસીસીગ ઉર્ફે બંસીલાલ છોગુરસીગ રાજપુત<br>રહે.૪૯,આદર્શનગર સોસાયટી 'ડી' કેબીન સાબરમતી અમદાવાદ |
| આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી | એસ.એસ.ગોહિલ |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૦૫/૦૪/૧૯૯૬ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૦૬/૧૨/૧૯૯૬ |
| ચાર્જશીટની તારીખ | તા.૦૯/૧૨/૧૯૯૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૨૮/૧૨/૨૦૧૬ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૨૮/૧૨/૨૦૧૬ |
| હુકમ પર લીધા તારીખ | તા.૨૩/૦૬/૨૦૨૫ |
| હુકમની તારીખ | તા.૩૦/૦૬/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ | ... |

<u>આરોપીની વિગતો</u>

| આરોપી નો ક્રમ | આરોપી નું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત થયા તારીખ | આક્ષેપિત ગુનાની વિગત | નિર્દોષ કે તકસીરવાર | સજાની વિગત | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ના કામે જેલમાં રહયા અંગેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | બળવંતસિંહ ઉર્ફે ભુરાભાઇ રઘુવર દયાલ રાજપુત | ૫.૪.૯૬ | કેસ જુનો હોય કાચા પેપરર્સ મળી આવેલ નથી. | આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩,૭ | નિર્દોષ | ––– | –– |
| ૨) | સદનગીરી ધન્વરગીરી ગોસ્વામી | ૫.૪.૯૬ | | | | | |
| ૩) | દુગેશે રાજુ મૌય | ૫.૪.૯૬ | | | | | |
| ૪) | પ્રવિણભાઇ ઉર્ફે પવલો ચંદુભાઇ પટેલ | ૨૩.૪.૯૬ | | | | | |
| ૫) | રસીકભાઇ હિરાદાસ સાધુ (મહારાજ) | ૨૩.૪.૯૬ | | | | | |
| ૬) | બનારસીસીગ ઉર્ફે બંસીલાલ છોગુરસીગ રાજપુત | ૧૮.૧૧.૯૬ | | | | | |

**ફોર્મ–સી**

**ફરીયાદપક્ષના સાહેદો**

| ક | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૪૦ | સાહેદ કનુભાઇ જોઇતારામ દરજીની જુબાની | મૌખીક |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૪૨ | સાહેદ રસીકભાઇ પ્રવિણચંદ્રની જુબાની | મૌખીક |

| ફરીયાદ પક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત | | |
|---|---|---|
| એ.ફરીયાદ પક્ષ | | |
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૪૧ | પંચનામું |
| ૨ | ૪૩ | ફરીયાદ |

**// <u>ચુ કા દો</u> //**

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નંબર ૧ થી ૩નાઓએ આઇ.ઓ.સી.ડેપોમાંથી લોડીગ થઈને નીકળતા ટેન્કરોમાંથી ગેરકાયદેસર રીતે ડીઝલ તેમજ કેરોસીન નો જથ્થો ચાંદખેડા તથા સાબરમતીનજીકના વીસ્તારોમા સોસાયટીની આજુબાજુમા કાઢી લઈ, એકઠુ કરી, આ જથ્થો અન્ય ટેન્કર જેવા વાહનમા લઈ જઈ પેટ્રોલીયમ પ્રોડકટસના સ્ટોરજ ટ્રાન્સપોર્ટ કે ડીસ્ટ્રીબ્યુશન કે, પેટ્રોલીયમ પ્રોડકટસ કબ્જામાં રાખવા અંગે કોઇ પરમીટ કે, લાયસન્સ ધારણ કર્યા સિવાય જ વેચાણ કરવા લઈ જવા તથા ટેન્કર નંબર જી આર ટી ૪૧૮૬મા કુલ લીટર ૭૦૦૦ ના ડીઝલ જેની કુલ કીમંત રાં.૫૪,૬૦૦/– સાથે પકડાઈ જઈ આ જથ્થો આરોપી નંબર ૪ તથા ૫ નાઓએ તેમની જણાવેલ જગાએ લઈ આવી જવા જણાવેલ અને તે જથ્થો વેચાણ કરવા લઈ જવા હકીકત જણાવેલી આમ ડીઝલ રાખવા કે વેચાણ અંગે કોઈ પરવાનો નહી હોવા છતા પોતાના કબ્જામા રાખી ટેન્કર સાથે પકડાઇ જઇ આરોપી નં.૪,૫,૬ નાઓ પાછળથી પકડાઇ જઇ ગુનો કર્યા બાબતે તેઓની વિરુઘ્ઘ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત આપતા અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુના રજીસ્ટર નંબર ૪૩/૯૬ થી ગુનો નોંધાયેલ

અને તપાસ કરનાર અધિકારીએ તપાસ પૂર્ણ થયા બાદ આરોપી વિરુધ્ધ આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩,૭ મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટ મા રજુ કરેલ.

## ૨. ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–

આ કામે આરોપી વીરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીઓને સમન્સની ધોરણસર બજવણી થયેલ નથી. આ કામે માત્ર આરોપી નંબર ૪ તથા૫ હાજર થયેલ હતા જે પણ મરણ જતા તેમના વીરુધ્ધનો કેસ એબટથી ફેસલ કરવામા આવેલ છે. બાકીના આરોપીઓ વીરુધ્ધ આ કેસ કલમ ૨૯૯ મુજબ આગળ ચલાવવામા આવેલ છે. આમ આ કામે આરોપીઓની પ્લી રેકર્ડ થયેલ નથી.અને કલમ ૨૯૯મુજબ કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

## ૨.૧ પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

## ૨.૨ ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નીવેદન

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મોખી ક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષે તેઓનુ વીશેષ નીવેદન ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ નોંધવા હેતુ રાખવામા આવેલ પરંતુ આરોપી સતત ગેરહાજર રહેતા હોય તેમની ગેરહાજરીમા પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોય, તેમના વીશેષ નીવેદન માટે કામ રાખવામા આવેલ નથી.તે રીતે બચાવ પક્ષે તેઓના બચાવમા કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામા

આવેલ નથી.

૩ **<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ</u>**

પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર ડીઝલનો જથ્થો રાખી પોતાના ફાયદા સારુ નાણાકીય લાભ મેળવવા સારુ , આ જરુરી ચીજવસ્તુઓ ગેરકાયદેસર રીતે રાખેલ હોય, સામાન્ય જનતા ને તે ઉંચી કીમતે વેચેલ હોય, સરકાર શ્રીના ધારા ધોરણ સરનો ભંગ કરેલ હોય સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહતમ સજા કરવા દલીલો કરેલ છે.

આ કામે આરોપી તરફે કોઈ હાજર ના હોય, કોઈ મુદત અરજી કે હાજરી માફી રીપોર્ટ ના હોય, તેઓનો આ કામે દલીલ કરવાનો હકક બંધ કરવામા આવેલ છે.

૪. **<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ પોઇન્ટ ફોર ડીટરમીનેશન</u>**ઃ– આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિઘ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૪/૧૯૯૬ ના કલાક ૨૦ઃ૦૦ વાગે મોજે સાબરમતી વિસ્તારમાં કીર્તીદેવ સોસાયટી નજીક જગવાળા તલાવડી સામે સાહેદ ગોવાભાઇ કુરશીભાઇ રબારીની ઓરડી સામેનુ કમ્પાઉન્ડ રૂ. ૫૦૦/–ના ભાડા પેટે રાખી

પોતાના કબજા ભોગવટામા ગેરકાયદેસર વગર પાસ પરમીટે કે લાયસન્સ વગર ડીઝલ લીટર ૭૦૦૦ કિં.રૂ.૫૪,૬૦૦/–નો રાખી રેઇડ દરમ્યાન મુદામાલ સાથે પકડાઇ જઇ આવશ્યક ચીજ વસ્તુ ધારા કલમ–૩,૭ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

૪.૧ ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારાત્મક.
મુદ્દા નંબર– ૨ઃ–આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>:: નિર્ણયો અંગેના કારણો ::</u>**

**<u>મુદા નંબર–૧ ની ચર્ચા :–</u>**

(૬) આ કામે આરોપીઓ સામે ધી આવશયક ચીજ વસ્તુ ધારા ની કલમ ૩ તથા ૭ મુજબના આક્ષેપો છે. આ કામે મુદ્દા નંબર–૧ ની સાબીતીનો બોજો ભારતીય પુરાવા ધારાની કલમ–૧૦૧ થી ૧૦૩ મુજબ ફરીયાદપક્ષ ઉપર હોય તે દૂર કરવા ફરીયાદપક્ષે પંચ સાહેદ કનુભાઈ જોયતારામ દરજીને આંક–૪૦ થી તપાસવામાં આવેલ છે. અને પંચનામુ આંક–૪૧ થી રજુ થયેલ છે. આ સાહેદે પોતાના મૌખિક પુરાવામાં સરતપાસમાં જણાવેલ છે કે,આશરે ૨૮ વર્ષ પહેલા ગાંધીનગર એલ.સી.બી. પોલીસે તેઓને સેકટર–૨૮ પોલીસ ચોકીમાં બોલાવેલ. ત્યા ગુનાવાળી જગ્યા તેમજ મુદામાલ રીકવરીના પંચનામામા પંચ નં–૧ તરીકે સહી કરેલી તે સિવાય પંચનામા વિશે તેઓને કોઇ જાત માહીતી નથી કે પંચનામુ તેઓએ લખાવેલ નથી. સાહેદ પંચનામા ઉપર પોતાની સહી કબુલ રાખતા હોઇ જેથી સહી પુરતુ પંચનામાની પ્રતને રજુ કરવામાં આવે છે. જે તે સમયે પંચ નં.૨

તરીકે તેઓની સાથે પુનમભાઇ વિઠલભાઇ દરજીનાઓએ તેઓની હાજરીમાં પંચનામામાં સહી કરેલી.આ પંચ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૧૫૪ મુજબ સરકારી વકીલશ્રીએ તેની ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્ન પુછવા પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ અને ત્યારપછી આ પંચ–સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલ પરંતુ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો આ સાહેદની જુબાની રેકર્ડ ઉપર આવેલ નથી. આ સાહેદે વિધ્વાન એ.પી.પી.શ્રીએ પુછેલ તમામ વીગતો જેવી કે"પોલીસે તેઓને પંચમાં રહેવા પ્રાથમીક સમજ કરેલ હોય કે ચાં દખેડા આઇ.ઓ.સી. ડેપોમાંથી લોડીગ થઇ નીકળતા ટેન્કરોમાંથી કેટલાક ઇસમો ગેરકાયદેસર રીતે પેટ્રોલ, ડીઝલ તેમજ કેરોસીનનો જથ્થો ચાંદખેડા તેમજ સાબરમતી વિસ્તારની સોસાયટીની આજુબાજુમાં કાઢી લઇ એકઠુ કર્યા બાદ આવુ એકત્રીત કરેલ ગેરકાયદેસર જથ્થો ટેન્કર જેવા વાહનમાં ભરી વેચાણ અર્થે લઇ જાય છે જે હકીકત આધારે ચાંદખેડા આઇ.ઓ.સી. રોડ ઉપર તેજેન્દ્ર નગર તેમજ અંબીકા નગર સોસાયટી વચ્ચે પસાર થતા રોડ ઉપર નાકાબંધી કરી નાકાબંધીમાં રહેવાનુ હોય તેઓને સમજ કરતા તેઓએ સ્વખુશી દર્શાવેલ હોય કે તેઓ તથા પોલીસના માણસો સરકાર ગાડીમાં બેસી સેકટર–૨૮ પોલીસ ચોકીથી રવાના થયેલ અને તેજેન્દ્ર નગર તેમજ અંબીકા નગર સોસાયટી આઇ.ઓ.સી.રોડ ખાતે આવી ગોઠવાઇ ગયેલ અને ત્યાંથી એક કેસરી કલરનુ ટેન્કર આઇ.ઓ.સી. રોડ તરફ આવતા તેને રોકી તેમાંથી ડ્રાઇવર તથા અન્ય બે ઇસમોને નીચે ઉતારી નામઠામ પુછતા પોતાનુ નામ છગનગીરી ગૌસ્વામી, બીજાનુ નામ પુછતા ભુરાભાઇ રઘુવર દયાલ અને ત્રીજાનુ નામ મુકેશ રાજુ મૌર્ય તમામ રહે ઉતર પ્રદેશના હોવાનુ જણાવેલ 'હોય અને જે ટેન્કરમાં ૭૦૦૦ લીટર ડીઝલ ભરેલ. જેની કિ.રૂ.૫૪,૦૦૦/– ગણેલ અને સદર ઇસમો પાસે ટેન્કરમાં ભરેલ ડીઝલ અંગે બીલ, લાયસન્સ કે આધાર પુરાવો માંગતા પોતાની પાસે હોવાનુ જણાવેલ અને આ જથ્થો કયાંથી લાવેલ તે અંગે પુછતા સાબરમતી ખાતે રહેતા પ્ર વિણ ચંદુલાલ રસીકને ત્યાંથી લાવેલ આ જથ્થો વેચાણ અર્થે લઇ જવાતો હોવાનુ જણાવેલ સદર ડીઝલનો જથ્થો

ગેરકાયદેસરનો હોવાનુ જણાવતા એક કાચની બાટલીમાં ૫૦૦ મી.લી. ડીઝલ ભરી લઇ સેમ્પલ અર્થે લઇ બુચ બંધ કરસ તેના ઉપર તેઓ પંચો તથા પોલીસની સહી વાળી કાપલી બાંધી લાખથી શીલ કરી પી.એસ.આઇ. એલ.સી.બી. ગાંધીનગરના માર્કાનુ શીલ કરી તપાસ અર્થે કબજે લીધેલ તેમજ સદર ટેન્કર નં.જી.આર.ટી.૪૧ ૮૬ નો કિ.રૂ. ૨,૫૦,૦૦૦/– નો ગણી કુલ ૩,૦૪,૬૦૦/– નો મુદામાલ તપાસ અર્થે કબજે લઇ ત્રણેય ઇસમોને પકડેલ જે અંગેનુ વિગતવારનુ પંચનામુ તેઓએ પંચોની હાજરીમાં તા.૦૫/૦૪/૧૯૯૬ કલાક ૧૮:૦૦ થી ૨૦:૦૦ દરમ્યાનનુ તેઓએ પંચોના લખાવ્યા મુજબ લખી લીધેલ " તેવી તમામ હકીકતો ની ઈન્કારી કરેલ છે.આ પંચ સાહેદનો પુરાવો કલમ ૨૯૯ મુજબ નોંધવાનો હુકમ કરવામા આવેલ હોય, આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૭) આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં, આ સાહેદે આંક–૪૧ ના પંચ નામાની હકીકતને સમર્થન આપેલ નથી અને પંચનામાની હકીકતોને પંચ સાહેદની જુબાનીથી સમર્થન મળતું નથી. તેથી પંચનામાની હકીકતો શંકાસ્પદ બની રહે છે અને પંચ–સાહેદની જુબાની આરોપી સામેના આક્ષેપો સાબીત કરવામાં ફરીયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી.આમ કોઈ પ્રતીબંધીત મુદદામાલ કહેવાતા આરોપીઓ પાસેથી જ પકડાયેલ હોવાના ફરીયાદ પક્ષના આક્ષેપ ને સમર્થન મળતુ નથી.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટ નો સ્ટેટ ઓફ ગુજરાત વી. થાનાભાઈ ગણેશભાઈ રાજપુતનો તા. ૩૧.૩.૨૨ નો ચુકાદો માનસહ વંચાણે લેવામા આવે તો તેમા નામદાર કોર્ટે પારા –૫મા ઠરાવેલ છે કે,5. On re-appreciation of evidence, it is clear that the….. Further though the incident had happened in the public state, other independent witness is not examined. In absence of corroboration to the witnesses, the complainant's complaint is doubtful.

5.1. Panch witness Jagabhai Chandabhai Rathod who is examined at Ex.11 is the panch of the panchnama of place of offence Ex.12. The said witness has stated that in the eld of the

accused No.1 there was electric pole and at the time of incident the said witness was sitting at the house of the complainant and at that time he has put his signature and in the house itself the signature of the panchwitness has been obtained. Thus, panchnama is prepared in the house and signature of the panch witness is obtained. **From the cross examination of this witness it is clear that the panchnama is not proved**. As per the case of the defence, in the eld of the accused, there is electric pole and kite was xed with the said pole and the fact cannot be disputed that with a view to see that no untoward incident occurred, the accused persons driven out the boy Dhanji and it is also possible that on the next day false complaint is led.

5.7. ……. No statement of independent witnesses are recorded by this witness, though available. Therefore, the investigation is also not trustworthy. Thus, from the aforesaid discussion, it is clear that the prosecution has failed to prove the case beyond reasonable doubt and trial court has not committed any error or illegality in acquitting the accused.

આમ કહેવાતા ગુનામા જયારે પંચ સાહેદે સદર ફરીયાદ હકીકત ને સમર્થન કરેલ નથી. અન્ય સ્વતંત્ર સાહેદો ને આ કામે ફરીયાદ પક્ષ હાજર રખાવી શકેલ ના હોય, તે રીતે તેમની જુબાની કે પુરાવો રેકર્ડ પર આવી શકેલ ના હોય, આ ગુનામા આરોપીને સાંકળી શકાય નહી.

(૮) આ કામના સાહેદ રસીકભાઈ પ્રવીણચંદ્ર નાઓને સમન્સ કરતા તેઓ હાજર થયેલ છે અને તેઓએ પોતાના આંક–૪૨ ના મૌખીક પુરાવા મા જણાવેલ છે કે, ગઇ તા.૦૫/૦૪/૧૯૯૬ ના રોજ તેઓ ચાંદખેડા આઉટ પો.સ્ટે. અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા. દરમ્યાન તેઓ ચાંદખેડા આઇ.ઓ.સી.માં પેટ્રોલીગમાં નીકળેલ તે વખતે પી.એસ.આઇ. એ.એસ. કસીરી સાહેબ તથા પોલીસના અન્ય માણસો સદર જગ્યાએ હાજર તેઓને સમજ કરેલ કે ચાંદખેડા આઇ.ઓ.સી ડેપોમાંથી લોડીગ થઇ નીકળતા ટેન્કરોમાંથી

કેટલાક ઇસમો ગેરકાયદેસર રીતે પેટ્રોલ, ડીઝલ તેમજ કેરોસીનનો જથ્થો ચાંદખેડા તેમજ સાબરમતી વિસ્તારની સોસાયટીની આજુબાજુમાં કાઢી લઇ એકઠુ કર્યા બાદ આવુ એકત્રીત કરેલ ગેરકાયદેસર જથ્થો ટેન્કર જેવા વાહનમાં ભરી વેચાણ અર્થે લઇ જાય છે. જે હકીકત આધારે તેઓ તેજેન્દ્ર નગર તેમજ અંબીકા નગર સોસાયટી આઇ.ઓ.સી.રોડ ખાતે આવી ગોઠવાઇ ગયેલ અને ત્યાંથી એક કેસરી કલરનુ ટેન્કર આઇ.ઓ.સી. રોડ તરફ આવતા તેને પોલીસના માણસોએ રોકી તેમાંથી ડ્રાઇવર તથા અન્ય બે ઇસમોને નીચે ઉતારી નામઠામ પુછતા પોતાનુ નામ છગનગીરી ગૌસ્વામી બીજાનુ નામ પુછતા ભુરાભાઇ રઘુવર દયાલ અને ત્રીજાનુ નામ મુકેશ રાજુ મૌર્ય તમામ રહે ઉતરપ્રદેશના હોવાનુ જણાવેલ જે ટેન્કરમાં ૭૦૦૦ લીટર ડીઝલ ભરેલ. જેની કી.રૂ.૫૪,૦૦૦/– ગણેલ અને સદર ઇસમો પાસે ટેન્કરમાં ભરેલ ડીઝલ અંગે બીલ, લાયસન્સ કે આધાર પુરાવો માંગતા પોતાની પાસે નહી હોવાનુ જણાવેલ અને આ જથ્થો કયાંથી લાવેલ તે અંગે પુછતા સાબરમતી ખાતે રહેતા પ્રવિણ ચંદુલાલ પટેલ તથા રસીકને ત્યાંથી લાવેલ. આ જથ્થો વેચાણ અર્થે લઇ જવાતો હોવાનુ જણાવેલ સદર ડીઝલનો જથ્થો ગેરકાયદેસરનો હોવાનુ જણાવતા એક કાચની બાટલીમાં ૫૦૦ મી.લી.ડીઝલ ભરી લઇ સેમ્પલ અર્થે લઇ બુચ બંધ કરી તેના ઉપર પંચો તથા પી.એસ.આઇ. કસીરી સાહેબની સહી વાળી કાપલી બાંધી લાખથી શીલ કરી પી.એસ.આઇ.એલ.સી.બી. ગાંધીનગરના માર્કાનુ શીલ કરી તપાસ અર્થે આંક–૪૧ વાળા પંચનામાની વિગતે પી.એસ.આઇ. કસીરી સાહેબનાઓએ પંચો તથા તેઓની રૂબરૂ કબજે લીધેલ તેમજ સદર ટેન્કર નં.જી.આર.ટી. ૪૧૮૬ નો કી.રૂ.૨,૫૦,૦૦૦/– નો ગણી કુલ ૩,૦૪,૬૦૦/– નો મુદામાલ તપાસ અર્થે કબજે લઇ ત્રણેય ઇસમોને પકડેલ અને સદર ગુનાની ફરીયાદી કસીરી સાહેબનાઓએ આપેલી. જે તેઓને બતાવવામાં આવે છે. તેમા કસીરી સાહેબની સહી તેઓ તેઓના અધિકારી થતા હોય ઓળખી બતાવે છે. જેને રજુ દાખલ આંક–૪૩ આપવામાં આવે છે. પોલીસે તેઓનુ નિવેદન લીધેલ.

આ કામના સાહેદ નં.૮ અ.હે.કો. વિક્રમસિંહ નટવરસિંહનાઓ મરણ ગયેલ છે. જેની તેઓને જાત માહીતી છે. તેમજ આ કામના ફરીયાદી ત.ક.અમલદાર પી.એસ.આઇ.કસીરી સાહેબનાઓ પણ ગુજરી ગયેલ છે જેની તેઓને જાત માહીતી છે. આરોપી તરફે કલમ ર૯૯ તળે પુરાવો નોંધવાનો હુકમ થયેલ હોય, આ સાહેદ ની પણ ઉલટતપાસ કરવામા આવેલ નથી.

આ સાહેદ એ પોતાની જુબાનીમા આ રેડ દરમયાન મુદદામાલ કબ્જે લીધાની હકીકતો જણાવેલી છે પરંતુ પોતે જાતે આ મુદામાલ કબ્જે લીધેલ નથી. મુદામલ એફ.એસ.એલ.મા મોકલાયેલ છે કે નહી તે અંગે ની કોઈ હકીકત જુબાનીમા જણાવેલ નથી. આ આરોપીઓના ઓળખ નીયત થાય તેવા કોઈ આધાર દસ્તાવેજો કબ્જે લીધા બાબતની હકીકતો પણ જુબાનીમા જણાવેલી નથી.આ કામે પકડાયેલ ટેન્કર બાબતના પણ કોઈ માલીકી આધારો મેળવાયેલ કે કેમ તે આ સાહેદ એ કોઈ હકીકત પોતાની જુબાનીમા જણાવેલ નથી.આ સાહેદે તમામ કાર્યવાહી કસીરી સાહેબ એ કરેલ હોવાની તથા ફરીયાદ પણ તેઓએજ આપેલ હોવાની હકીકત જાહેર કરેલ છે.પરંતુ આ મુદદામાલ કબ્જે કરતા સમયે કયા પંચો ની હાજરીમા કયા સમયે આ કાર્યવાહી કરવામા આવેલ તેવી પણ કોઈ વીગતો /હકીકતો જણાવેલ નથી. વધુમા આ કામે આરોપી નંબર ૧ થી ૩ નાઓ બનાવ સ્થળે પકડયા હોવાની હકીકતો આ સાહેદે જણાવેલ છે પરંતુ તેમની જુબાનીમા આ જથ્થો ગેરકાયદેસર હતો તે બાબતે કોઈ જ હકીકત જાહેર કરાયેલ નથી. માત્ર ટેન્કરમાથી આ લોકોને પકડેલા હોવાની વીગતો જણાવેલ છે. આ જથ્થો કયાથી કઈ રીતે ચોરી કરાયેલ અને કયા ગેરકાયદેસર વેચાવા જતો હતો તેની પણ કોઈ વીગત આ સાહેદે જાહેર કરેલ નથી. આમ આ સાહેદની જુબાનીના આધારે કહેવાતા આરોપીઓની ગુના કામે સ્પષ્ટ ભુમીકા જણાય આવતી નથી.અને આ કામે એ રીતે આરોપીઓને સાંકળી શકાય તેવો અને તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.આમ જયારે બનાવ સ્થળે થી આરોપીને પ્રત્યક્ષ પકડાયાની વીગતો સાહેદ જણાવતા હોય તયારે આ સાહેદની જુબાનીમા મહત્વની હકકીતો ના અભાવે તથા અન્ય સાહેદોના પુરાવાના

અભાવે પણ આ આરોપીઓને આ ગુના કામે સાંકળી શકાય નહી.

(૯) આ કામે રેકર્ડ જોતાં, આ કામે કુલ ૬ આરોપીઓ પૈકી માત્ર આરોપી નંબર ૪ તથા ૫ હાજર રહેલ હતા જે પણ મરણ જતા તેમના વીરુધ્ધ નો કેસ આંક–૧ તળે હુકમ કરી એબેટ કરવામા આવેલ છે. જયારે બાકીના આરોપીઓ વીરુધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૯૯ મુજબનો હુકમ પસાર કર્યા બાદ લગભગ તમામ અગત્યના સાહેદોને પ્રોસેસ ઈસ્યુ કરેલા છે, પરંતુ તે એક યા બીજા કારણસર વગર બજે આવેલા છે. આ કામે કુલ ૧૮ સાહેદો છે.જેમા પાચ સાહેદોના અવસાન ની વીગતો રેકર્ડ પર આવેલી છે. કુલ ૧૮ સાહેદો પૈકી પંચ સાહેદ તરીકે ૬ વ્યકતીના નામ જણાવેલ છે જેમના સમન્સ વગર બજે આવેલ હોય, અગાઉના પ્રિસાઈડીગ ઓફીસરશ્રી દ્વારા ચાર્જશીટમા તેઓને " **NF**" તરીકે માર્ક કરેલ છે. આ સીવાય ના તમામ સાહેદો પોલીસ સાહેદો છે. બાકીના સાહેદોને પણ આ કામે વારંવાર સમન્સ કરાવવા છતા પોલીસ એજન્સી કે સરકાર પક્ષ હાજર રખાવી શકેલ નથી. આ કામ તારીખ ૨૯.૧૧.૧૮ ના રોજ ડી.એફ પર મુકવામા આવેલ અને તયારબાદ થી આ કામ પુરાવા પર હોવા છતા મહત્વના સાહેદોને ફરીયાદ પક્ષ હાજર રખાવી શકેલ નથી. આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અધીકારી તરીકે દર્શાવેલ એ.એસ. કસીરી નાઓ નુ આંક– ૪૮ થી મરણ નુ પ્રમાણપત્ર રજુ થયેલ હોય તે રીતે તેમનો મહત્વનો પુરાવો રેકર્ડ પર મેળવી શકાયેલ નથી. આ કામે બીજા તપાસ કરનાર અધીકારી વી.કે. રાદડીયા નાઓની માહીતી મેળવી શકાયેલ નથી તેવા શેરા સાથે પરત આવેલ હોય તે રીતે તેમનો પણ મહત્વનો પુરાવો રેકર્ડ પર મેળવી શકાયેલ નથી. આ કામે પંચ નંબર ૭ રામભાઈ નાઓનુ તથા સાહેદ નંબર ૯ અ.હે.કો. ઈશ્વર ભાઈ ના ઓનુ મરણ નુ પ્રમાણપત્ર રજુ થયેલ છે. તે રીતે તેઓ નો પુરાવો પણ રેકર્ડ પર આવી શકેલ નથી. તથા પંચ નંબર ૬– બીશન સીહ નુ તારીખ ૨૩.૭.૨૪ નુ સમન્સ આવી કોઈ વ્યકતી અહી રહેતા ના હોવાના શેરા સાથે તથા સાહેદ નંબર ૮ હે.કો વિક્રમસીહ નુ તારીખ ૨૩.૭.૨૪ નુ સમન્સ કોન્ટેક કે માહીતી ના મળ્યાના શેરા સાથે,સાહેદ ૧૯ નુ ગોવાભાઈ રબારી નુ તથા કેમીકલ એનલાઈઝર તે સાહેદ

નંબર ૧૪ નુ સમન્સ અમદાવાદ થી પરત જ આવેલ ના હોય તે રીતે , તથા સાહેદ નંબર ૧૫ ભદ્રેશભાઈ નુ પેટ્રોલપંપ વર્ષો પહેલા બંધ થઈ થયેલ હોય ખંડેર હાલતમા હોય, આ સાહેદની કોઈ માહીતી મળેલ ના હોય તે રીતે, તથા સાહેદ નંબર ૪ તથા ૫ ના સમન્સ આ જણાવેલ સરનામા પર આ વ્યક્તી ની માહીતી મળેલ ના હોય તે રીતે પરત આવેલ હોય, આ વીગતે આ કેસમા આમ ફરીયાદી, સાહેદો તથા તપાસ કરનાર અમલદારની પ્રોસેસ બજી આવેલ નથી. વધુમા મહત્વના સાહેદ એવા ફરીયાદી તથા તપાસ કરનાર અધીકારી અવસાન પામેલ છે. જેથી એ આ મહત્વના સાહેદોનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે આવવાની કોઈ શકયતા નથી. આ કેસ ઘણા લાંબા સમયથી પેન્ડીગ છે તે ઘ્યાને લેતા તથા સાહેદોની ઉંમરને નજર સમક્ષ લેતાં અગત્યના કેટલાક સાહેદો હાલ હયાત હોવાની પણ નહીવત શકયતા છે. આથી સ્પષ્ટ છે કે, આરોપીઓ સામેના આક્ષેપીત ગુન્હા સંબંધે સમર્થનકારક પુરાવો પ્રસ્તુત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આ તબકકે જયારે સાહેદોના પ્રોસેસો વગર બજે આવેલા છે અને પુરાવો રેકર્ડ ઉપર પ્રસ્તુત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે ત્યારે કદાચ આ કામના આરોપીઓને હાજર થવા માટે આથી વધુ સમય સુધી પેન્ડીગ રાખવામાં આવે તો તે સમયે પણ સાહેદોને પ્રોસેસ ની બજવણી થવાની શકયતા નહીવત જ છે.

(૧૦) આમ, આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષે ફરીયાદી તથા બીજા સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી અને જયારે એક માત્ર સ્વતંત્ર સાહેદ પંચ કનુભાઈ તથા સાહેદ રસીકભાઈને ચકાસાયેલ છે. પરંતુ આ પંચ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ નથી અને તૈયાર પંચનામામાં પોલીસે સહી કરાવેલાનું અને પોતાની રુબરુ પંચનામાની વિગતે કોઈ કાર્યવાહી નહી થયેલાનું જણાવેલ છે. આમ આંક–૪૧ ના પંચનામાની વિગતે પ્રાથમિક પંચનામુ કરેલ હોય કે પંચોને સમજ કરી હોય અને મુદ્દામાલ કબજે થયેલ હોય કે આરોપીઓ પંચનામાની વિગતે મળી આવેલ હોય તેવું નિશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ નિષ્ફળ નીવડેલ છે. આ સંજોગોમાં આંક–૪૧ ના પં

ચનામાની હકીકતો શંકાસ્પદ બની જાય છે. આથી આ તમામ બાબત સાથે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૩૯ ની જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે._

**–:: હુ ક મ ::–**

૧) આ કામના આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ મુજબ તેઓ સામેના આક્ષેપીત ઘી આવશયક ચીજ વસ્તુ ધારા ની કલમ ૩ તથા ૭ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અન્વયે બીનતહોમતે મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામે આરોપીઓ પાસેથી જપ્ત કરેલ મુદ્દામાલનો યોગ્ય તે પ્રક્રિયા અનુસરી તેનો નિકાલ કરવો.

૩) હાલનો કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯(૧) મુજબ આરોપીઓની ગેરહાજરીમાં ચલાવવામાં આવેલ હોય ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ જામીન અંગેનો હુકમ કરવામાં આવેલ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

( એફ. એન. સોલંકી. )

તારીખ :–૩૦/૦૬/૨૦૨૫ ત્રીજા એડીશનલ સીવીલ જજ અને

સ્થળ :– ગાંધીનગર જે.એમ.એફ.સી.ની કોર્ટમાં ગાંધીનગર.